**<u>અમદાવાદ શહેરના મહે.એડી.સેશન્સ જજ અને સ્પે.જજ સાહેબની કોર્ટ નં.૧૯ માં , મુ.અમદાવાદ</u>**

**<u>સમરી નં.૪૮૬/૨૦૨૩ (ઈલેકટ્રીસીટી)</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામના આરોપી વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, સાબરમતિ, અમદાવાદના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૯૯૦/૨૦૨૧ થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(એ), ૧૫૦ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો જે અન્વયે તપાસ કરનાર અમલદાર દ્વારા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ મુજબનો અહેવાલ રજુ કરી જણાવેલ છે કે આ કામના આરોપીએ ફરિયાદ વાળા બિલની રકમ ભરપાઈ કરી દીધી છે જે જોતા આ કામે ફરિયાદ વાળા બિલની તમામ રકમ ફરિયાદી સંસ્થામાં ભરપાઈ થઈ ગયેલ હોય હાલના આરોપી સામે નોંધાયેલ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહેતી ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૫૨ અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫(૧)(એ), ૧૫૦ મુજબના ગુનામાંથી મુકત કરવામાં આવે છે અને તે પ્રમાણે હાલની સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૯ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૯.૧૨.૨૦૨૩

**(સારંગા વી.વ્યાસ)**
એડી. સેશન્સ જજ અને સ્પે. જજ
લોક અદાલત
સિટી સેશન્સ કોર્ટ નં.૧૯,
અમદાવાદ શહેર
યુનીક આઈ.ડી.કોડ નં.GJ00675